ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૩ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૩૧ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં સાયકલ શેરિંગ પ્રોજેકટનું પાંચ જ વર્ષમાં બાળ મરણ

ફૂટપાથ પર સાયકલના કેબિનો બંધ હાલતમાં રહેતા બિનઉપયોગી અને અડચણરૂપ બનતા જાગૃત નાગરિકોની તેને દૂર કરવાની અપીલ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા શરૂ કરવામાં આવેલા જી બાઈક સાયકલ શેરીંગ પ્રોજેકટનું માત્ર પાંચ વર્ષનાં અંતરાલમાં જ બાળ મરણ થઈ ચુકયું છે. ગુડાનો મોટાભાગનો વિસ્તાર કોર્પોરેશન હસ્તક થઈ જતાં પ્રોજેકટનો કોન્ટ્રાકટ પૂર્ણ થઈ ગયા પછી રિન્યુ કરવામાં આવ્યો નથી શહેરના જાગૃત નાગરિકો દ્વારા આ સાયકલ પ્રોજેકટ માટે બનાવાયેલા સ્ટેન્ડને દૂર કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે. બિન ઉપયોગી સાયકલ સ્ટેન્ડ શોભાના ગાંઠિયા સમાન જગ્યા રોકી રહ્યા છે. જેમાં રાત્રિ દરમિયાન અસામાજિક તત્વો અડ્ડો જમાવી રહે છે, દારૂની મહેફિલો જામે તેવી પરિસ્થિતિ સર્જાતા આ સાયકલ સ્ટેન્ડ હટાવવાની માંગ ઉઠી છે. ફૂટપાથ પર સાયકલ મુકવા બનાવેલી કેબીનો બંધ હાલતમાં હોવાથી શહેરીજનોને ફુટપાથ પર ચાલવા માટે મુશ્કેલી થતી હોવાથી આ સાયકલના કેબીનો દૂર કરવાની માંગ ઉઠી રહી છે.

શહેરમાં ૧૦ સ્થળોએ સાયકલ સ્ટેન્ડ ઉભા કરાયા હતા. શરૂઆતમાં એટલે કે વર્ષ ૨૦૧૬માં ગાંધીનગરમાં ૧૦૦ સાયકલો સાથે પ્રોજેકટ શરૂ કરાયો હતો. જેને સારો એવો પ્રતિસાદ મળતાં સાયકલોની સંખ્યા ૫૦૦ કરવામાં આવી હતી તેમજ સ્ટેન્ડની સંખ્યા વધારી ૩૦ કરવામાં આવી હતી. જે માટે સવારે ૬થી ૧૦ વાગ્યા સુધી નિઃશુલ્ક અને ત્યારબાદ રાત્રે ૯ વાગ્યા સુધી કલાકના ૫ રૂપિયા ભાડાથી સાયકલ ફેરવવા માટે આપવામાં આવી હતી. આ પ્રોજેકટનો મુખ્ય ઉદ્દેશ નાગિરકોની તંદુરસ્તી બની રહે તેને કેન્દ્ર સ્થાને રાખીને નો પ્રોફિટ નો લોસના ધોરણે જી બાઈકનું સંચાલન અને સંકલન ગુડા દ્વારા કરાયું હતું. સાથે જ બીજો મહત્વનો હેતુ ટ્રાફિકની સરળતાનો હતો. નાગરિકો ખૂબ જ ઓછા ખર્ચમાં ઉપલબ્ધ સાયકલ ચલાવતા રહે અને મોટા વાહનોની અવર જવર ઘટવાથી ટ્રાફિક વધુ સરળ બની રહે તે હતો. જો કે સમય જતાં યોગ્ય જાળવણીના અભાવે ઘણી સાયકલ ભંગાર હાલતમાં થઈ ગઈ હતી. ગુડા દ્વારા અંદાજે સવા કરોડના ખર્ચથી વસાવવામાં આવેલો આ સાયકલ શેરિંગ પ્રોજેકટ નિષ્ફળ જોવા મળી રહ્યો છે. તેને મહાનગર પાલિકા દ્વારા ચાલુ કરવામાં આવશે કે કેમ તેવા પ્રશ્નો પણ ઉઠી રહ્યા છે. સાથે જ જો આ પ્રોજેકટ રિન્યુ ન થવાનો હોય તો સાયકલના કેબિન ફૂટપાથ પરથી દૂર કરવા માટે જાગૃત નાગરિકો દ્વારા અપીલ કરવામાં આવી રહી છે. સવાર-સાંજ શહેરમાં ફૂટપાથો પર શહેરીજનોની અવરજવર રહેતી હોય છે જેમને આ કેબીનો અડચણરૂપ થઈ રહ્યા હોવાથી શોભાના ગાંઠયા સમાન કેબીનોને દૂર કરવામાં આવે તેવી લોકલાગણી છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સેકટર-૨ માં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજ શ્રી રાધા-કૃષ્ણ દેવ શ્રી નરનારાયણ દેવને અતિ મનમોહક ભગવાનને મોગરાના ફૂલ અને ગુલાબ હજારીગલના ફૂલોથી ચાલીસ બહેનોએ સતત આઠ કલાક બેસી ભગવાનને રાજી કરવા માટે ફુલના વાઘા બનાવ્યા હતા અને આ વાઘા ના હજારો હરિભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજયકક્ષાની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૩૦

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજયકક્ષા ની શુભેચ્છા/ આભારવિધિ બેઠક બ્રહ્માકુમારી આશ્રમ રાંદેસણ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા) દ્વારા ભગવાન પરશુરામ જન્મોત્સવ કાર્યક્રમ યોજાયો તે અંતર્ગત ગાંધીનગર શહેર યુવા વિભાગ દ્વારા, મહિલા વિભાગ દ્વારા,બીજી સંસ્થાઓ, જ્ઞાતિના શ્રેષ્ઠીજનો દ્વારા જે સાથ અને સહયોગ પુરો પાડવામાં આવ્યો હતો તેમને સર્ટીફીકેટ અને સન્માન કરી બિરદાવવામાં આવ્યા હતા. તેમજ સમગ્ર યાત્રા દરિયમાન મળેલ દાનની રકમ અને થયેલ કુલ ખર્ચનો હિસાબ પ્રમુખ સુનિલભાઇ ત્રિવેદી દ્વારા સર્વેની વચ્ચે સર્વાનુમતે મુકવામાં આવેલ હતો.

આ બેઠક બ્રહ્માકુમારી આશ્રમ સેકટર-૨૮ના કૈલાશદીદી, બ્રહ્માકુમારી આશ્રમ રાદેસણના રંજન દીદીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બ્રહ્માકુમારી આશ્રમની ટીમ દ્વારા સમગ્ર યાત્રામાં ખુબજ સાથ સહકાર આપવામાં આવ્યો હતો. વધુમાં બેઠકમાં સેવાનું રાગી દિનેશભાઈ વ્યાસ મુખ્ય સંગઠક અશ્વિનભાઈ ત્રિવેદી, પ્રદેશ મીડિયા કન્વીનર દિનેશ રાવલ, પ્રદેશ યુવા મહામંત્રી કૃણાલ દીક્ષિત, ગાંધીનગર શહેર પ્રમુખ સુનીલભાઈ ત્રિવેદી, મહિલા પાંખના પ્રમુખ છાયાબેન ત્રિવેદી, યુવા પ્રમુખ મૌલિક દીક્ષિત તેમજ ગાંધીનગરના કોર્પોરેટરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પરશુરામ જન્મોત્સવ કાર્યક્રમમાં ૧૧૦૦ ફૂટ લાંબો રાષ્ટ્રધ્વજ શોભા અને શ્રદ્ધા નું કેન્દ્ર બની ગયો હતો અને આ યાત્રા વર્લ્ડ બુક ઓફ લંડનમાં સ્થાન પ્રાપ્ત થયેલ છે. બેઠકમાં પ્રત્યેક મહાનુભાવે સમય અનુસાર પોતાનું વક્તવ્ય આપ્યું હતું. વધુમાં જીગ્નેષ સુરેશકુમાર રાવલને ગાંધીનગર જીલ્લા/શહેરના યુવા પ્રમુખ, અને પ્રજ્ઞેશભાઈ દવેને ગાંધીનગર જીલ્લા/ શહેરના યુવા ઉપપ્રમુખ તરીકે નવ નિયુકત હોદાઓ આપવામાં આવ્યા હતા. જીગ્નેષ સુરેશકુમાર રાવલ ગાંધીનગર જીલ્લા/શહેરના યુવા પ્રમુખ દ્વારા સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજયકક્ષા)નાં મુખ્ય સંગઠક અશ્વિનભાઈ ત્રિવેદી, ગાંધીનગર જીલ્લા/શહેર પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદી, મહામંત્રી કલ્પેશભાઈ જોશી તથા તમામ હોદેદારો તથા ભુદેવોનો ખુબ ખુબ આભાર માનયો હતો અને સમાજમા જે હોદો અને જવાબદારી સોપી એ જવાબદારી ખુબ જ નિષ્ઠાપુર્વક નિભાવશે અને સંગઠન મજબુત કરવા અંગેની ખાતરી વ્યકત કરવામાં આવી હતી.

વિશ્વ સાયકલ દિવસ નિમિત્તે ગાંધીનગર ખાતે ૧૫ કિ.મી.ની સાયકલોથોન યોજાશે

ગાંધીનગર, તા.૩૦

અત્યારે પર્યાવરણ અને પેટ્રોલની બચતને ધ્યાનમાં રાખીને વિવિધ સંસ્થાઓ દ્વારા સાયકલ રેલીનું આયોજન કરવામાં આવે છે. વિશ્વ સાયકલ દિવસ નિમિત્તે મંતવ્ય ન્યૂઝ દ્વારા ૩ જૂનના રોજ સવારે છ વાગ્યે સાયકલોથોનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાયકલોથોનનું આયોજન મંતવ્ય ન્યૂઝના પાર્થ અમીન દ્વારા કરવામાં આવ્યું છે.

વિશ્વ સાયકલ દિવસની આ સાયકલોથોનમાં ભાગ લેવા ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવું ફરજિયાત છે. ભાગ લેનાર સૌને ટીશર્ટ ભેટ આપવામાં આવશે. આ સાયકલોથોનનું ફ્લેગ ઓફ શંકર ચૌધરી કરશે જ્યારે ગાંધીનગર સાયકલ મેયર ડો. જીજ્ઞાસા ઠુમર અને સાયક્લિસ્ટ સંજય થોરાત સાથે જોડાશે. 'અંગદાન મહાદાન' પ્રચાર પ્રસાર કરી જીવન બચાવવા મદદ કરો એવા ઉદ્દેશ સાથે મંતવ્ય ન્યૂઝ સાયકલોથોનમાં જોડાવા સૌને આમંત્રણ આપવામાં આવ્યું છે.

આ સાયકલોથોન શુક્રવાર ૩ જૂનના રોજ વહેલી સવારે ૬ વાગ્યે શરૂ થશે. ગાંધીનગર પંચદેવ મંદિર સેકટર ૨૨થી આ સાયકલોથોન શરૂ થશે. પંચદેવ મંદિર સેક્ટર-૨૨, ચ-૬ અક્ષરધામ - સર્કિટ હાઉસ - સરિતા ઉદ્યાન - ચ-૦ - ચ ૩ - પથિકાશ્રમ - ઉમિયામાતા મંદિર સેક્ટર ૧૨ સમાપ્ત થશે. આમ આ ૧૫ કિલોમીટર સાયક્લિંગ સાથે આનું સમાપન થશે. ગાંધીનગર સૌ સાયકલ પ્રેમીઓ આમાં જોડાય એવું આહ્વાન પાર્થ અમીને કર્યું છે.

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા સમાજના બાળકો માટે નોટબુક-ચોપડાનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૩૦

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ, ગાંધીનગર દ્વારા સમાજના સભ્યોના બાળકો કે જેઓ કે.જી., ધો-૧ થી૧૨ અને ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે અભ્યાસ કરી રહ્યા છે તેઓ માટે નોટબુકો, ચોપડાનું રાહતદરે વિતરણ સંસ્થાના કાર્યાલય ખાતે તા. ૧-૬-૨૨ થી તા. ૩૦-૬-૨૨ સુધી કાર્યાલય સમય દરમિયાન કરવામાં આવશે. દરેક સભ્યોએ પોતાના બાળકો માટે વહેલા તે પહેલાના ધોરણે માર્કશીટની નકલ રજૂ કરીને રાહતદરે નોટબુકો-ચોપડા કાર્યાલયમાંથી મેળવી લેવા બિપીનભાઈ ગજ્જર (પ્રમુખ, વિશ્વકર્મા સેવા સમાજ) દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

અનન્યા પરાગસિંહ ગોહિલે માત્ર ૫ મિનિટમાં ૧૩૦ દાખલા ગણીને રાજ્ય સ્તરે ચેમ્પિયનનો પુરસ્કાર મેળવ્યો

ગાંધીનગર, તા.૩૦

જીનિયસ અબાકસ એન્ડ મેન્ટલ એરીથમેટીક દ્વારા પી. કે . ચૌધરી કોલેજમાં યોજાયેલ મેથ્સ સ્પર્ધામાં સમગ્ર ગુજરાતનાં ૩૦૦ થી વધુ બાળકો એ ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગર શહેર ની ડી. પી. એસ સ્કૂલમાં અભ્યાસ કરતી અનન્યા પરાગસિંહ ગોહિલે માત્ર ૫ મિનિટમાં ૧૩૦ દાખલા ગણીને રાજ્ય સ્તરે ચેમ્પિયનનો પુરસ્કાર પ્રાપ્ત કર્યો હતો.

એન્વાયરમેન્ટ કેર એન્ડ ડેવલોપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા એજયુકેશન હોસ્પિટલનો શુભારંભ

ગાંધીનગર, તા.૩૦

એન્વાયરમેન્ટ કેર એન્ડ ડેવલોપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા એક એજયુકેશન હોસ્પિટલનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગરમાં વસવાટ કરતા અને આર્થિક રીતે નબળા પરિવારના બાળકોને ટયુશન શિક્ષણનો નિઃશુલ્ક લાભ મળી શકે અને બાળકો માં છુપાયેલ પ્રતિભા ને ઉજાગર કરી શકાય તેથી આ બાળકોને શિક્ષણ અને અન્ય પ્રવૃતિઓમાં વધુમાં વધુ નિપુણ બનાવી શકાય તે માટેના પ્રયત્નો થશે. જેમાં બાળકોને ભણતર માટે ના સંસાધનો ઉપલબ્ધ કરાવવામાં આવશે અને બાળકોને શિક્ષણ માટે થઈને જેમાં આર્થિક સહયોગ થઈ

શકે તે માટે સંસ્થા મદદરૂપ થશે. આ બાળકોને રમતગમત અને અન્ય પ્રવૃત્તિઓ દ્વારા બાળકો પોતાના અભ્યાસ ને સરળ બનાવી શકે તે માટેનાં માઈન્ડ પાવરના ટ્રેનિંગ પ્રોગ્રામ આપવામાં આવશે અને બાળકોના આરોગ્યને લઈને સમયાંતરે મેડીકલ ચેક અપ કેમ્પ પણ આયોજન કરવામાં આવશે જેથી બાળકો નીરોગી રાખવાનો પ્રયત્ન કરવામાં આવશે અને બાળકો માટે કુપોષણના પ્રશ્નોને હલ કરવા માટે બાળકોને જરૂર મુજબ નો ખોરાક ભોજન આપવાનો પ્રયાસ કરવામાં આવશે.

આજ રોજ વાવોલ મુકામે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વડના વૃક્ષો વાવીને પ્રકૃતિ પર્યાવરણને બચાવવા માટે હરહંમેશ વધુમાં વધુ વૃક્ષો વાવીને તેનો ઉછેર કરવા માટેનો સંકલ્પ લેવામાં આવ્યો હતો.

જાગૃત નાગરિક પરિષદ દ્વારા સ્માર્ટ સીટીની દિશામાં મહત્વના સૂચનો

ગાંધીનગર, તા.૩૦

પર્યાવરણ અને પાણીની સમસ્યાના ઉકેલ માટે આ વર્ષાઋતુમાં જનઆંદોલન ઉપાડવા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે નાગરિકો , સહકારી અને શૈક્ષણિક સંસ્થાઓ, ઉદ્યોગ ભવનો અને રાજય સરકારના વનવિભાગને આહ્વાન કર્યું છે.

વર્ષાઋતુ દરમ્યાન ઉજવાતા વૃક્ષારોપણ ઉત્સવને લોકઉત્સવ બનાવવા, રાજ્યનો વન વિભાગ તેમજ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને, બે અડધા ભાગ જોડીને બનતા, ફરી વાપરી શકાય તેવાં વૃક્ષો માટેના પાંજરા સાથે રોપાઓ વિપુલ સંખ્યામાં લોકોને પૂરા પાડવાનું આયોજન કરવા જાગૃત નાગરિક પરિષદે અપીલ કરી છે.

ગામેગામ - ઘરેઘર વરસાદનું પાણી સંગ્રહ કરવા માટેના જળસંચય ટાંકા / કૂવાઓ બનાવવાનું અભિયાન સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ઉપાડે અને લોકો તેમાં સહયોગી બને તો આવતા વર્ષોમાં પાણીની ઉપલબ્ધિ બાબતમાં આપણે સ્વનિર્ભર બની જઈશું.

વર્ષાઋતુ દરમિયાન ફેલાતા મચ્છરજન્ય રોગોથી રક્ષણ મેળવવા માટે પાણીના સ્તોત ચોખ્ખાં રાખી, મચ્છરના પોરાનો નાશ કરીશું તો આપણું સ્વાસ્થ્ય આપણે જાળવી શકીશું.

આપણી લોકમાતા સાબરમતી તેમજ અન્ય નદીઓના કાંઠે વસેલાં ગામો પોતાના નદીકાંઠાને વૃક્ષારોપણથી નવપલ્લવિત કરવાનો કાર્યક્રમ હાથ ધરી, ગુજરાતને હરિયાળું બનાવવામાં સહયોગી બને.

આઝાદીનાં ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે, દરેક ગામની શાળાઓના મેદાનમાં ઘનિષ્ઠ વૃક્ષારોપણ કરીને તેને હરિયાળાં બનાવવામાં આવે. ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ ગાંધીનગરની પ્રાથમિક શાળાઓના બાળકોને વૃક્ષારોપણનું મહત્વ સમજાવવા માટે બાળસભાઓ યોજાશે. કોઈ શાળાને દત્તક લઈને તેના મેદાનમાં વૃક્ષારોપણ કરવાની જવાબદારી પણ નિભાવશે. ચોમાસુ દસ્તક દઈ રહ્યું છે ત્યારે અનેકવિધ યોજનાઓના અમલ માટે ખોદવામાં આવેલા ખાડાઓ તરત ભરવામાં આવે અને ખોદેલા રસ્તા ચાલુ કરવામાં આવે.

આઝાદીનાં ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે દરેક જિલ્લામાં ૭૫ તળાવ વિકસાવવાનું આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું આહ્વાહન સ્વીકારીને, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન તેની હદમાં આવેલાં ગામોમાં તળાવો વિકસાવવા, તળાવને ચોખ્ખાં રાખી તેના કિનારે અને આજુબાજુ વૃક્ષારોપણ કરી, તેનું જતન કરવાનો કાર્યક્રમ હાથ ધરશે તેવો વિશ્વાસ ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે વ્યક્ત કર્યો હતો.

કડી સર્વ વિશ્વવિદ્યાલય – ફેકલ્ટી ઓફ કોમર્સના ફોનીક્સ ઈન્સ્ટીટયુટ સાથે એમઓયુ

ગાંધીનગર, તા.૩૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર સ્થિત અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા ફોનીક્સ ઈન્સ્ટીટયુટ સાથે સર્વ શ્રેષ્ઠ રોજગારીની તકો અને ઉચ્ચતમ પગાર બીકોમ અને એમકોમના વિદ્યાર્થીઓને પ્રાપ્ત થાય તેવા શુભ આશયથી એમઓયુ સાઈન કરીને કોલેજે તેના દ્વિદશાબ્દી વર્ષની ઉજવણીની ભવ્ય શરૂઆત કરી છે.

ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ, સ્ટુડન્ટ ઈન્ટર્નશીપ પ્રોગામ, વર્કશોપ, સેમિનાર વગેરેના આયોજનથી કોલેજ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરી રહી છે અને કોલેજમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ મેળવીને વિદ્યાર્થીઓં બીકોમ અને એમકોમની ડીગ્રી મેળવીને સરકારી અને ખાનગી ક્ષેત્રે વિવિધ પદો ઉપર પહોચવાની સાથે ઘણા વિદ્યાર્થીઓ અત્યારે વિદેશમાં પણ પોતાની શ્રેષ્ઠ કારકિર્દી બનાવીને સ્થાયી થયા છે.

ફોનીકસ ઈન્સ્ટીટયુટ સાથે કોલેજ દ્વારા એમઓયુ સાઈન કરીને **US ACCOUNTING TAXATION** ના ક્ષેત્રમાં વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ટ્રેનિગ અને ટ્રેનિગ દરમ્યાન મહિને રૂ. ૫૦૦૦ સ્ટાઈપેન્ડ આપી તૈયાર કરીને ટ્રેનિગ સફળતા પૂર્વક પૂર્ણ કરે વાર્ષિક રૂ. ૩૦૦૦૦૦ નું પેકેજ નોકરી પ્રાપ્ત થશે અને નોકરી દરમ્યાન સર્વ શ્રેષ્ઠ કામગીરી કરનારને અમેરિકામાં જઈને પણ અમેરિકન કંપનીમાં કામગીરી કરી શકશે. અત્રે ઉલ્લેખનીય છેકે ફોનીક્સ ઈન્સ્ટીટયુટ દ્વારા જે કોર્ષની ફી અંદાજે રૂ. ૫૦૦૦૦ છે તે બીકોમ અને એમકોમના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક પ્રાપ્ત થશે. તેમ ફોનીક્સ ઈન્સ્ટીટયુટના કો ફાઉન્ડર હર્ષિલ ત્રિવેદીએ જણાવ્યું હતું.

આ સાથે **US ACCOUNTING INDUSTRIES** માં રહેલ રોજગારી ની વિપુલ તકો વિશે અને આ ક્ષેત્રમાં વિકાસની તકો વિશે અને એનો લાભ કોલેજને પ્રાપ્ત થશે તે અંગે અમિત પટેલ દ્વારા વિગતે માહિતી આપવામાં આવી હતી.

PREBOO સ્ટાર્ટઅપ અને ઈનોવેશન કંપની પણ કોલેજના વિદ્યાર્થીઓ માટે એન્ટપ્રીન્યોરશીપ સેલ અને સ્ટાર્ટઅપ ઈનોવેશન સાથે લો ઈન્વેસ્ટમેન્ટ બીઝનેસની તકો પ્રાપ્ત થાય તે અંગે કોલેજ સાથે જોડાશે . ટૂંક સમયમાં આ અંગેના એમઓયુ પણ કરવામાં આવશે તેમ **PREBOO** ના ફાઉન્ડર અને **CEO** કુશલ ત્રિવેદી દ્વારા જણાવવામાં આવેલ હતું.

આ પ્રસંગે મોટી સંખ્યામાં આમંત્રિત મહેમાનો, વિદ્યાર્થીઓ, વાલીગણ, વિવિધ સંસ્થાઓના આચાર્યશ્રીઓ, પત્રકારશ્રીઓ, ફેકલ્ટી ઓફ કોમર્સની અશ્વિનભાઈ એ.પટેલ કોમર્સ કોલેજના પ્રિ.ડો.વિજ્ઞા ઓઝા, બંને કોલેજના પ્રાધ્યાપકશ્રીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ એમ.પટેલ અને તમામ મંત્રીશ્રીઓએ ફેકલ્ટી ઓફ કોમર્સ ના ઈન્ચાર્જ ડાયરેક્ટર ડો.કપિલ ત્રિવેદી, પ્રિન્સીપાલ ડો. વિજ્ઞા ઓઝા બંને કોલેજના સ્ટાફ તથા હર્ષિલ ત્રિવેદી,અમિત પટેલ અને કુશલ ત્રિવેદી ને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

જન્મદિને વધામણી

મહેશ ડી. રાવલ
ફોન. ૨૩૨૩૩૦૬૭

લીલાબેન ત્રિવેદી
મો. ૯૪૨૭૭ ૧૪૨૮૮

ભગવતીબેન બી. પ્રજાપતિ
મો. ૮૨૦૦૨ ૧૮૧૬૩

ભાવનાબેન શાહ
મો.૯૯૭૮૪ ૫૬૫૦૬

ડો. આનંદ બી પ્રજાપતિ
મો. ૯૮૨૪૫ ૫૫૧૯૭

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. બજાણીયા સંતોકબેન રમેશલાલ,** ઉ.વ. ૫૭, અજોલ
- **સ્વ. ઠાકોર રાણીબેન માનસંગજી,** ઉ.વ. ૫૪, રાંધેજા
- **સ્વ. દરજી ભરતભાઈ ગીરધરલાલ,** ઉ.વ. ૫૮, લીંબોદ્રા, માણસા